**પેન્શનરોને જિલ્લા તિજોરી કચેરી ખાતેથી સેન્ટ્રલાઈઝ પેમેન્ટ સીસ્ટમ હેઠળ મેડીકલ રીએમ્બર્સમેન્ટના કલેઈમના ચુકવણા કરવા બાબત.**

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક :- હિતિનિ/ટીસી/ફા.૧૨૫/ટીઆર/૧૧૫૬/૮૫૦૯.**
તારીખ :- ૦૧-૦૯-૨૦૦૭.

**<u>પરિપત્ર ક્રમાંક:- ૨૪ / ૨૦૦૭</u>**

નાણાં વિભાગના તા.૨/૭/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૦૭/૧૮૫/ઝ થી લેવાયેલ નિર્ણય મુજબ તા.૧/૮/૨૦૦૭ થી તમામ પેન્શનરોને સેન્ટ્રલાઈઝ પેન્શન પેમેન્ટ સીસ્ટમ હેઠળ જિલ્લા તિજોરી કચેરી ખાતેથી પેન્શનનું ચુકવણું કરવાનું રહે છે. જે અન્વયે પેન્શનરોના મેડીકલ રીએમ્બર્સમેન્ટના કલેઈમના ચુકવણા માત્ર જિલ્લા તિજોરી કચેરી ખાતેથી કરવાના રહેશે.

❖ **મેડીકલ બીલ રજુ કરવાની પધ્ધતિ :-**

પેન્શનરોને તેઓના મેડીકલ રેએમ્બર્સમેન્ટના કલેઈમ રજુ કરવામાં તથા ચુકવણાંમાં મુશ્કેલી ન પડે તેમજ વિલંબ ન થાય તે માટે તેઓ તેમના કલેઈમ નાણાં વિભાગના તા.૩/૧૦/૯૯ના ઠરાવ અન્વયે મેડીકલ બીલની રકમ તેઓના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવા અંગેનો વિકલ્પ આપ્યાની નિયત અરજી સાથે પેટા તિજોરી કચેરી / જિલ્લા તિજોરી કચેરીમાં નીચે દર્શાવેલ રીતે રજુ કરી શકશે.

➢ તાલુકા ગ્રામ્ય વિસ્તારના પેન્શનરો તેઓના મેડીકલ રેએમ્બર્સમેન્ટના કલેઈમ જે તે જિલ્લાની નજીકની પેટા તિજોરી કચેરીમાં રજુ કરી શકશે.

➢ પેન્શનર સ્વેચ્છાએ તેઓનું મેડીકલ બીલ પોસ્ટ મારફતે જિલ્લા તિજોરી કચેરીમાં સીધું રજુ કરી શકશે.

➢ પેન્શનર સ્વેચ્છાએ તેઓનું મેડીકલ બીલ જિલ્લા તિજોરી કચેરી ખાતેના કાઉન્ટર પર રજુ કરી શકશે.

❖ મેડીકલ બીલ અંગે પેટા તિજોરી કચેરીએ કરવાની કાર્યવાહી:-

➢ રજુ થયેલ મેડીકલ બીલની પેન્શનરને પહોંચ આપવાની રહેશે.

➢ રજુ થયેલ બીલને ઈનવર્ડ રજીસ્ટરમાં નોંધીને દૈનિક હિસાબો સાથે જિલ્લા તિજોરી કચેરીએ મોકલવાના રહેશે.

❖ **મેડીકલ બીલ અંગે જિલ્લા તિજોરી કચેરીએ કરવાની કાર્યવાહી :–**

➢ મેડીકલ બીલોની ચકાસણી જિલ્લા તિજોરી કક્ષાએથી આ સંબંધી જોગવાઈઓ મુજબ કરવાની રહેશે.

➢ નાણાં વિભાગના તા.૩/૧૦/૯૯ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૯૯/ડી/૫૬૫/પી મુજબ જેઓએ વિકલ્પ આપેલ છે તેવા પેન્શનરોના મેડીકલ બીલના નાણાં તેઓના બેંક એકાઉન્ટમાં નાણાં વિભાગના ઉપરોકત ઠરાવ તથા અત્રેની કચેરીના તા.૪/૧૧/૯૯ના પરિપત્ર ક્રમાંકઃ ૧૫/૧૯૯૯ની સુચનાઓ મુજબ સીધા બેંક એકાઉન્ટમાં જમા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

➢ નાણાં વિભાગના તા.૩/૧૦/૯૯ના ઠરાવ મુજબ જે પેન્શનરોએ વિકલ્પ આપેલ નથી તેઓના મેડીકલ બીલના ચુકવણા કાઉન્ટર પરથી કરવાના રહેશે.

**નિયામક** ૩/૧/૭

પ્રતિ,
શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી, (તમામ)

.........................
તિજોરી અધિકારીશ્રી,
પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.

**<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>**

૧. ઉપસચિવશ્રી, નાણાં વિભાગ, 'પી' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

**<u>નકલ રવાનાઃ–</u>**

૧. તિજોરી નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.